પેજ 3

ગોલ્ડન ગ્લોબ એવોર્ડ: ઓપનહાઈમરનો દબદબો 5 પુરસ્કાર જીત્યા, બાર્બી ફીકી રહી

ઓપનહાઈમરે શ્રેષ્ઠ ફિલ્મ, ક્રિસ્ટોફર નોલાન શ્રેષ્ઠ દિગ્દર્શક, સિલિયન મર્ફી શ્રેષ્ઠ અભિનેતા

પુઅર થિંગ્સે કોમેડી અથવા મ્યુઝીકલ કેટેગરીમા બાર્બીને પછાડી અપસેટ સર્જ્યો

બેવરલી હિલ્સ, તા. 8 (AP): ક્રિસ્ટોફર નોલાનની બ્લોકબસ્ટર બાયોપિક 'ઓપનહાઈમર'એ 81મા ગોલ્ડન ગ્લોબ્સ એવોર્ડમાં વર્ચસ્વ જમાવ્યું હતું, જેમાં તેણે શ્રેષ્ઠ ડ્રામા સહિત 5 પુરસ્કારો જીત્યા હતા, જ્યારે યોર્ગોસ લેન્થિમોસની 'પુઅર થિંગ્સ'એ શ્રેષ્ઠ કોમેડી અથવા મ્યુઝિકલ કેટેગરીમાં 'બાર્બી'થી પુરસ્કાર ઝુંટવી અપસેટ સર્જ્યો હતો. ઉલ્લેખનીય છે કે બાર્બી 2023માં બોક્સ ઓફિસ પર સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ છે.

જો પુરસ્કારોની સીઝન બાર્બી-ઓપનહાઈમરની વચ્ચેનો મુકાબલો છે તો આ રાઉન્ડ 'ઓપનહાઈમર'ના નામે ગયો છે. આ ફિલ્મે નોલન માટે શ્રેષ્ઠ દિગ્દર્શક, સિલિયન મર્ફી માટે શ્રેષ્ઠ ડ્રામા અભિનેતા, રોબર્ટ ડાઉની જુનિયર માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતા અને લુડવિગ ગોરાન્સનને બેસ્ટ ઓરિજનલ સ્કોરનો (શ્રેષ્ઠ સંગીત) એવોર્ડ અપાવ્યો હતો. આ ઉપરાંત શ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર પણ ઓપનહાઈમરને મળ્યો હતો. ઓપનહાઈમરને 8 કેટેગરીમાં નોમિનેશન મળ્યું હતું જેમાંથી તેણે પાંચમાં બાજી મારી હતી.

એમ્મા સ્ટોનને 'પૂઅર થિંગ્સ' માટે મ્યુઝીકલ અથવા કોમેડી ફિલ્મમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો હતો, આ ઉપરાંત પુઅર થિંગ્સને શ્રેષ્ઠ કોમેડી અથવા મ્યુઝીકલ ફિલ્મનો પુરસ્કાર મળ્યો હતો. ડ્રામા ફિલ્મમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર લિલી ગ્લેડસ્ટોનને 'કિલર્સ ઓફ ધ ફ્લાવર મૂન' માટે મળ્યો હતો. તે આ વર્ગમાં જીતનાર પ્રથમ દેશી અભિનેત્રી છે. તેણે પુરસ્કાર જીત્યા બાદ કહ્યું હતું, 'આ એક ઐતિહાસિક વિજય છે.'

બાર્બીને સિનેમેટિક અને બોક્સ ઓફિસ એચિવમેન્ટ માટેનો એવોર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મનો પુરસ્કાર 'ધ બાય એન્ડ ધ હેરોન'ને મળ્યો હતો. શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર એલિઝાબેથ ડેબિકીને 'ધ ક્રાઉન' માટે મળ્યો હતો. શ્રેષ્ઠ પટકથાનો પુરસ્કાર જસ્ટીન ટ્રાઈટ અને ઓર્થર હરારીને ફ્રેન્ચ કોર્ટરૂમ ડ્રામા 'એનાટોમી ઓફ ધ ફોલ' માટે મળ્યો હતો જ્યારે આ જ ફિલ્મે શ્રેષ્ઠ બિન-અંગ્રેજી ભાષાની ફિલ્મનો પુરસ્કાર પણ જીત્યો હતો.

લંડનમાં સેંકડો લોકોએ અર્ધ નગ્ન અવસ્થામાં મેટ્રોમાં મુસાફરી કરી

પ્રખ્યાત વાર્ષિક 'નો ટ્રાઉઝર ટ્યુબ રાઈડ'માં ભાગ લેવા સેંકડો લોકો લંડનના અંડરગ્રાઉન્ડ સ્ટેશન પર પહોંચ્યા હતા

લંડન, તા. 8: પ્રખ્યાત વાર્ષિક 'નો ટ્રાઉઝર ટ્યુબ રાઈડ'ના ભાગ રૂપે લંડનવાસીઓએ ફરી એકવાર પેન્ટ-ટ્રાઉઝર પહેર્યા વગર મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી હતી.

આ પરંપરામાં ભાગ લેવા માટે સેંકડો અર્ધ-નગ્ન લોકો ગઈકાલે લંડનના અંડરગ્રાઉન્ડ સ્ટેશન પર પહોંચ્યા હતા.

ઈવેન્ટના આયોજકોએ બપોરના 3 વાગ્યે ચાઈનાટાઉન, સોહોમાં સેંકડો સહભાગીઓને મળ્યા હતા અને દરેકને નજીકના ટ્યુબ સ્ટેશન પર લઈ જવામાં આવ્યા હતા અને દરેકને ટ્રાઉઝર ઉતારવા કહેવાયું હતું.

લંડનવાસીઓ તેમના શ્રેષ્ઠ અને બ્રાઈટ રંગના પેન્ટ પહેરીને આવ્યા હતા. એક વ્યક્તિ ગુલાબી રંગની પેન્ટમાં સફેદ ફોન ચેક કરતી જોવા મળી હતી.

અન્ય એક તેના શ્વાનને નાની શોપિંગ માટેની બાસ્કેટમાં લઈ જતી જોવા મળી હતી જ્યારે તેણે માત્ર કાળા જૂતાની જોડી અને સફેદ ગૂંથેલું સ્વેટર પહેર્યું હતું.

યુકેમાં પોલર બ્લાસ્ટથી બરફ વર્ષા અને વરસાદ: અનેક વિસ્તારોમાં તાપમાન ઠારબિંદુની નીચે

અમેરિકામાં પણ તોળાઇ રહેલું સખત શિયાળુ તોફાન, સાત કરોડ લોકોને અસર થઇ શકે

લંડન, તા. 8: બ્રિટનના અનેક વિસ્તારોમાં ધ્રુવીય બ્લાસ્ટ તરીકે ઓળખાતી હવામાન ઘટનાને કારણે બરફ વર્ષા થઇ છે અને હજી તો વધુ બરફ પડવાની આગાહી છે ત્યારે અનેક વિસ્તારોમાં મોટા પ્રમાણમાં વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઇ હતી.

ડરહામથી લઇને કેન્ટ અને કુમ્બ્રિયાથી લઇને લંડન સુધીમાં બરફ વર્ષાના બનાવો બન્યા છે જ્યારે લાંબા સમયથી અને મોટા પ્રમાણમાં વરસાદને કારણે ઇંગ્લેન્ડમાં ૧૮૦૦ કરતા વધુ મિલકતોમાં પૂરના પાણી ભરાઇ ગયા હતા . આજે સવારે સ્કોટલેન્ડના ઓલ્ટનહારા વિસ્તારમાં તો તાપમાન માઇનસ ૭ સેલ્સિયસ સુધી જતું રહ્યું હતું. જ્યારે કેટલાક વિસ્તારોમાં તાપમાન માઇનસ ૫ અને ૨ સુધી ગયું હતું અને લંડન તથા બર્મિંગહામમાં શૂન્ય પર પહોંચી ગયું હતું. અને સ્કોટલેન્ડમાં તાપમાન માઇનસ ૯ સુધી જઇ શકે છે.

બીજી બાજુ, ૭૦ મિલિયન અમેરિકનો ફિન નામના તોફાનનો સામનો કરી રહ્યા છે. આ તોફાનમાં બરફ વર્ષા, વંટોળિયાઓ અને સખત ઠંડા વાતાવરણની સ્થિતિ સર્જાઇ શકે છે.

સલમાન ખાનના ફાર્મ હાઉસમાં ઘૂસવાનો પ્રયાસ કરનાર બે વ્યક્તિની ધરપકડ

મુંબઈ: તા. 8. બે અજાણ્યા લોકોએ સલમાન ખાનના ફાર્મ હાઉસમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. બંનેને પોલીસને હવાલે કરાયા છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે, તે બંને વ્યક્તિઓ પોતાને સલમાન ખાનના ચાહક ગણાવતા હતા. તેમની પાસેથી નકલી આધાર કાર્ડ મળી આવ્યાં છે. આ કારણે બંને વિરુદ્ધ એફઆઈઆર પણ નોંધવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સલમાન ખાન લોરેન્સ ગેંગના નિશાના પર છે.

સલમાન ખાનનું ફાર્મ હાઉસ નવી મુંબઈના પનવેલમાં છે. 4 જાન્યુઆરીએ સાંજે 4 વાગ્યે બે અજાણ્યા લોકોએ અભિનેતાના ફાર્મ હાઉસમાં બળજબરીથી ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે, આ બંને વ્યક્તિઓ ફેન્સિંગના વાયરો તોડી અંદર પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ફાર્મ હાઉસમાં બે શંકાસ્પદ લોકોને જોઈને ત્યાં હાજર સિક્યોરિટી ગાર્ડે તરત જ તેમને રોક્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના સમયે સલમાન ખાન તેના ફાર્મ હાઉસમાં નહોતો.

અમેરિકાએ 50 વર્ષોમાં પોતાનું પ્રથમ લેન્ડર ચંદ્ર પર મોકલ્યું

જો કે લેન્ડરના સોલર પેનલમાં ખામી સર્જાઈ, કંપની તેની તપાસ કરી રહી છે

નાસાએ ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ આપીને લેન્ડર મોકલ્યું

લેન્ડર 23 ફેબ્રુઆરીએ ચંદ્ર પર લેન્ડિંગ કરશે

કેપ કેનાવેરલ (અમેરિકા), તા. 8 (AP): 50થી વધુ વર્ષો બાદ અમેરિકાનું પ્રથમ ચંદ્ર લેન્ડરને સોમવારે ચંદ્ર તરફ મોકલવામાં આવ્યું હતું, આ સાથે જ નાસા અને અન્ય ગ્રાહકો માટે અવકાશમાં પ્રયોગો અને અન્ય વસ્તુઓ ડિલીવરી કરવા માટે ખાનગી કંપનીઓ વચ્ચે સ્પર્ધા શરૂ થઈ છે.

જો કે ઉડાન ભર્યાના આશરે 7 કલાક બાદ એસ્ટ્રોબોટિક ટેક્નોલોજીએ અહેવાલ આપ્યો હતો કે લેન્ડર પર લાગેલું સોલર પેનલ વીજળી ઉત્પન્ન કરવા અને તેનું ભંડોળ કરવા માટે યોગ્ય રીતે સૂર્ય તરફ નથી. તેઓ આ સમસ્યાની તપાસ કરી રહ્યા છે.

એસ્ટ્રોબોટિક ટેક્નોલોજીના લેન્ડરને યુનાઈટેડ લોન્ચ એલાયન્સના નવા વલ્કન રોકેટ મારફતે મોકલવામાં આવ્યું. વલ્કન ફ્લોરિડા પૂર્વેના આકાશમાંથી પસાર થઈને ચંદ્ર તરફ જશે અને 23 ફેબ્રુઆરીએ લેન્ડર ચંદ્ર પર લેન્ડિંગ કરશે.

'અમે ખૂબ ઉત્સાહિત છીએ. અમે ચંદ્ર પર જવાના માર્ગ પર છીએ!', એમ એસ્ટ્રોબોટિકના ચીફ એક્ઝિક્યુટિવ જોન થોર્ન્ટને જણાવ્યું હતું.

પિટ્સબર્ગમાં આવેલી કંપની ચંદ્ર પર સફળતાપૂર્વક ઉતરાણ કરનાર પ્રથમ ખાનગી કંપની બનવાનું લક્ષ્ય ધરાવે છે, જે માત્ર ચાર દેશોએ જ પૂર્ણ કર્યું છે. પરંતુ હ્યુસ્ટનની એક કંપની પાસે ઉડાન માટે તૈયાર લેન્ડર પણ છે, અને તે વધુ સીધો માર્ગ અપનાવીને ચંદ્રની સપાટી પર પહેલા પહોંચી શકે છે.

'લોન્ચ કરવા માટે અમે પ્રથમ છીએ. લેન્ડ કરવામાં પણ પ્રથમ તે અમારું લક્ષ્ય છે', એમ થોર્ન્ટને કહ્યું હતું.

નાસાએ બંને કંપનીઓને તેમના પોતાના મૂન લેન્ડર્સ બનાવવા અને ચંદ્ર પર મોકલવા માટે લાખો ડોલર આપ્યા હતા. અવકાશ એજન્સી ઈચ્છે છે કે ખાનગી માલિકીના લેન્ડર્સ અવકાશયાત્રીઓ આવે તે પહેલાં તે સ્થળને ચકાસે અને નાસાને ટેક અને વિજ્ઞાન પ્રયોગોના પરિણામ મોકલે. પેરેગ્રીન લેન્ડર માટે એસ્ટ્રોબોટિકે 108 મિલિયન ડોલરનો કરાર કર્યો હતો.

છેલ્લે વર્ષ 1972માં અમેરિકાએ ચંદ્ર મિશન લોન્ચ કર્યો હતો. એપોલો 17ના જીન સેર્નન અને હેરિસન શ્મિટ ચંદ્ર પર ચાલનારા 11મા અને 12મા માણસો બન્યા હતા, અને નાસાના શિખર તરીકેના યુગનો અંત લાવ્યો.